# આસુરાવેશ

– અસિત શાહ.

ઉપક્રમ :

શ્રીમહાપ્રભુજીવિરચિત ''શિક્ષાશ્લોકી'' એ ''ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ'' શાસ્ત્રવચનનું અઘોષિત પુષ્ટિમાર્ગીય ભાષ્ય જ છે જાણે ! ''યદા બહિર્મુખા યૂયં ... નૈવ લૌકિકમ્'' એ ''ધર્મ એવ હન્તો હન્તિ''નું ભાષ્ય છે, જ્યારે કે ''ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ ... હિ નઃ'' એ ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''નું ભાષ્ય છે. આસુરાવેશને સમજવા માટે આ ''ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ'' સૂત્ર સમજવું આવશ્યક છે. કેમ કે આપણે ત્યાં કોઈ શેતાન તો છે નહીં જે પુરુષને ભરમાવીને રવાડે ચઢાવે ! ''એષ ઉ એવ સાધુકર્મ કારયતિ'' અને ''એષ ઉ એવ અસાધુકર્મ કારયતિ''. એક જ દિગ્દર્શક છે આ ક્રીડામાં. કર્તા જીવ છે ને કારયિતા પ્રભુ છે. આ સૂત્રને બીજા શબ્દોમાં કહીએ તો હણાતા ધર્મમાં વ્યક્તિને હણવાનું સામર્થ્ય છે, જ્યારે કે રક્ષાયેલ ધર્મમાં વ્યક્તિને રક્ષવાનું સામર્થ્ય છે. અરક્ષિત ધર્મમાં રક્ષવાનું સામર્થ્ય નથી અને ન હણાઈ રહેલ ધર્મમાં હણવાનું સામર્થ્ય નથી. આને આપણે આપણા શરીરમાં દાંત સાથે સરખાવી સમજી શકીએ. દાંતની આપણે કાળજી લઈએ તો દાંત આપણા સ્વાસ્થ્યની કાળજી ખોરાકને સુપાચ્ય બનાવી લે છે. અને દાંત સડી કે પડી જાય તો સ્વાસ્થ્ય પણ કથળી જાય છે. સડેલા દાંતમાં સ્વાસ્થ્યને રક્ષવાનું સામર્થ્ય નથી અને સારા દાંતમાં સ્વાસ્થ્ય બગાડવાનું સામર્થ્ય નથી. સંક્ષેપમાં ધર્મને રક્ષક કે ભક્ષક બનવાને સમર્થ અર્થાત્ ફલમુખયોગ્ય વ્યક્તિ સ્વયં જ બનાવી શકે છે; સ્વરૂપયોગ્યતા ધર્મમાં બન્ને પ્રકારની હોવાથી. આવો લીલાનિયમ કે રૂલ ઓફ ધ ગેમ છે આ સૃષ્ટિમાં.

ભાષ્યમાં સૂત્રોક્ત સાથે અનુક્ત વાત પણ કહેવાય છે. તે ન્યાયે શિક્ષાશ્લોકીમાં શ્રીઆચાર્યચરણ ''ગોપીશઃ વિધાસ્યતિ અખિલં હિ નઃ'' આજ્ઞા કરી સૂચવે છે કે પુષ્ટિજીવો માટે વિશેષતયા સ્વયં પ્રભુ અર્થાત્ ધર્મી સામર્થ્ય પ્રકટ કરે છે; તેને ધર્મનું સામર્થ્ય પ્રકટ થતું ન જાણવું.

અસ્તુ.

યૌગિકાર્થ :

અસુરસંબંધી તે આસુર; આસુર એવો આવેશ તે આસુરાવેશ. ''આસુરી યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાત્યધમાં ગતિમ્'' ગીતાવચનને આધારે પ્રલયપર્યન્ત ભગવદપ્રાપ્તિ જેમના વરણમાં લખાઈ હોય તે આસુરી જીવો. તો દૈવી જીવો પણ આસુરી જીવો જેવું ભગવદ્વિમુખતાભર્યું વર્તન કરે ત્યારે તેમનામાં આસુરાવેશ થયો જાણવો. આમ આસુરી જીવોને તો અસુરપણું સિધ્ધ હોય છે; ચિર કે અચિરકાલસ્થાયી આસુરાવેશ તો દૈવી જીવોને જ થઈ શકે.

આસુરાવેશવિચારૌચિત્ય :

''વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ'' જેવા વચનો વાંચતા જ લાગે કે વિષયાવેશ અને ભગવદાવેશ વચ્ચે સહાવસ્થાનાસહિષ્ણુ વિરોધ છે આગ અને પાણી જેવો. પણ તે તો ઉત્કટ આવેશને તબક્કે. પ્રારંભિક કે અનુત્કટ આવેશનું તો ચક્ર ચાલતું હોય છે. અનાયાસ ભગવદાવેશ અને આસુરાવેશ આવી-જઈ શકે છે. તેથી જ શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં ગાયના શિંગડા પર રાઈનો દાણો ટકે તેટલી વારે ય ભગવન્નામ છુટ્યું તો આસુરાવેશ આવ્યો જ જાણો એવી પરિસ્થિતિ હોવા છતાં ય આસુરાવેશથી ગભરાયા વિના તેનો સ્વભાવ જાણી સાવધ રહેવું પર્યાપ્ત છે.

આસુરાવેશ અને ભગવદાવેશમાં સામ્ય અને તેના પર આધારિત ઉપદેશ :

(૧) ''પરાભિધ્યાનાત્ તુ તિરોહિતં તતો હ્યસ્ય બન્ધવિપર્યયઃ'' બ્રહ્મસૂત્ર અને ''વિદ્યાવિદ્યે હરેઃ શક્તી માયયૈવ

વિનિર્મિતે તે જીવસ્યૈવ નાન્યસ્ય દુઃખિત્વં ચાપ્યનીશતા'' એ શ્રીમહાપ્રભુજીના વચનાનુસાર જીવનું બંધન એ ભગવત્કૃતિ છે. તેથી જેમ વિદ્યા અને અવિદ્યા એ બે ભગવાનની શક્તિની અસર તળે જીવમાં જ્ઞાન અને અજ્ઞાનનું એક સતત ચક્ર ચાલતું રહે છે તેમ જ દૈવી અને આસુરી આવેશોનું પણ ચક્ર સતત ચાલતું રહે છે. ''દ્વયા હ વૈ પ્રાજાપત્યા'' એ શ્રીભાગવતવચન પ્રમાણે ઇન્દ્રિયોમાં દૈવી અને આસુરી બંને પ્રકારની વૃત્તિઓ હોય છે.

(૨) ''પરાંચિ ખાણિ વ્યતૃણોત્ સ્વયંભૂ તસ્માત્ પરાગેવ પશ્યતિ નાન્તરાત્મન્'' શ્રુત્યનુસાર ઇન્દ્રિયો બહિર્ગામી હોવાથી તેમના સ્વભાવવશાત્ ચિત્તવૃત્તિને બહાર વિષયો તરફ ખેંચી જાય છે. આ ભૌતિક દેહ પ્રાકૃત હોવાથી આમ જ ચાલતું રહે છે. નવતનુત્વની સિધ્ધિ થાય તો, ''જહુઃ ગુણમયં દેહં'' શ્લોકમાં અંતર્ગૃહગતા ગોપીજનો માટે નિરૂપણ થયું છે તેમ નૂતન અપ્રાકૃત દેહ મળતાં, આ ચક્રની બહાર નિકળી જવાય. પછી સેવોપયોગી દેહ મળે તે આસુરાવેશરહિત હોય. પણ તે તો ભગવત્સામર્થ્યજનિત પ્રક્રિયા છે જે તાત્કાલિક અસરકર્તા હોય છે. તેમાં ભગવત્સામર્થ્ય તો પ્રકટ થાય પણ ભક્તિમાર્ગીય પ્રક્રિયા પ્રકટ નથી થતી.

(૩) આ સિવાયની એક તનુનવત્વની અલૌકિક સામર્થ્યની પ્રક્રિયા છે, જે લાંબી હોવા છતાં રસાલ હોય છે; એક માટીના કાચા ઘડાને પકવવા જેવી સર્જનાત્મક પ્રક્રિયા. તેમાં કામ તો ''પ્રદાનવત્''સૂત્રાનુસાર ભગવત્સામર્થ્ય કરતું જ હોય છે પણ તો ય ભગવત્સામર્થ્ય અપ્રકટ રહેતું હોવાથી જીવે જ પ્રસૂતિપીડા ભોગવવાની રહે છે. આ પ્રક્રિયાના ફલસ્વરૂપે દેહેન્દ્રિયાદિ પ્રાકૃત રહે તે છતાં ય તેમાં આસુરાવેશ નથી થતો. મન નિરુધ્ધ થઈ જવાથી પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ બની રહે છે. આ પ્રક્રિયા ભક્તિશાસ્ત્રાનુસારી અને કેટલેક અંશે રસશાસ્ત્રાનુસારી હોય છે. મન તેમાં ઇન્દ્રિયોનું દોરવાયું ન દોરવાતા ઇન્દ્રિયોને દોરે છે. ભગવદ્રસાવેશવશાત્ પ્રતિક્ષણનૂતન આહ્લાદ અનુભવાતો રહે છે; ન સ્થળ અનુભવાય કે ન સમય. આની શરૂઆત માર્ગરુચિથી થાય છે. પછી સેવા-કથાની પ્રક્રિયાથી ભગવત્સંગ બન્યો રહે તો ભગવદાવેશનો સમયગાળો વધતો જાય છે. ''યદા યદા હરિઃ કૃષ્ણઃ મનસ્યાવિશતે નિજે તદા તદા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે'' ન્યાયે માર્ગરુચિથી ભગવદ્રુચિ અને ભગવદ્રુચિથી ભજનરુચિનું વર્ધન થતું રહે છે. વૃધ્ધિંગત ભજનરુચિ ભગવત્પ્રેમાસક્તિવ્યસન સિધ્ધ કરી દે છે. આ છે ભગવદાવેશની વૃધ્ધિની સ્વમાર્ગીય પ્રક્રિયા. આસુરાવેશ પણ વૃધ્ધિંગત થઈ શકે છે ! સાંખ્યશાસ્ત્રમાં કોઈ પારિભાષિક શબ્દ આ માટે શોધીએ તો તે 'પ્રકૃતિવિકૃતિ' છે. અર્થાત્ તે જન્ય પણ છે અને જનક પણ. ''ધ્યાયતે વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે સંગાત્ સંજાયતે કામઃ...'' ગીતાવચનાનુસાર વિષયસંગાદિ બાહ્ય કે મનચાંચલ્યાદિ આંતરિક કારણોથી આસુરાવેશ પેદા થઈ શકે છે અને અવિશ્વાસ, સન્દેહ, દુઃસંગ, અન્યાશ્રય, ભગવાનમાં લૌકિક બુધ્ધિ આદિ બહિર્મુખતાના સ્રોતોને પેદા પણ કરી શકે છે.

(૪) આ સિવાય તેમાં અને ભગવદાવેશમાં એક સામ્ય એ પણ છે કે બંને ક્રિયા-વાણી-મન ત્રણેયમાં અંશતઃ કે પૂર્ણતઃ વ્યાપી રહે છે. સેવામાં કીર્તન કરતી ઘડીએ મન વિષયોમાં ભટકતું હોય એવું સહજ સંભવે.

(૫) નિરાયાસ કે સપ્રયત્ન, સાધનદશામાં ભગવદાવેશ કે આસુરાવેશ અખંડ અવિચ્છિન્ન બન્યા નથી રહેતા. આયુર્વેદમાં શારીરિક આવેગો માટે કહ્યું છે તેમ આસુરાવેશના આવેગને રોકવાથી કે વધારવાથી ભક્તિમાર્ગીય રોગોનો ઉપદ્રવ થઈ શકે છે. તેને ક્યારેક સહજતાથી લઈ લેતા ચક્રાત્મક પ્રક્રિયાન્તે પાછો ભગવદાવેશ ઉપલબ્ધ થઈ જતો હોય છે. તેથી શ્રીગોપીનાથજી સાધનદીપિકામાં ''તતો વાર્તા સ્વકીયાનાં બહુપાપૈરનાકુલામ્ યાત્રાર્થમેવ સેવેત નાભિવેશોઽત્ર સંચરેત્'' ''સુતાર્થિની સ્વપત્ની ચેત્ વ્રજેત્ તાં જેતુમિન્દ્રિયમ્'' જેવી અનુજ્ઞાઓ આપે છે.

(૬) ભગવદાવેશ દિન હોય તો આસુરાવેશ રાત્રિ છે. તેમનું ચક્ર ચાલતું રહે છે. રાતભરકા હૈ મહેમાન અંધેરા, કિસકે રોકે રુકા હૈ સબેરા. પણ આમાં ગાફેલ રહેવું ન પાલવે. કેમકે તેને બેરોકટોક ચાલવા દઈએ તો ભજનમાં વિઘ્ન કર્યા વગર ન રહે. તેથી ''રુગ્ણદેહવદાતુરઃ'' ન્યાયે આસુરાવેશને સહી લેવો, તેનું પોષણ ન કરવું. ''યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય'' અને ''વૃથાલાપક્રિયાધ્યાનં સર્વથૈવ પરિત્યજેત્'' આચાર્યવચનો આ જ ઉપદેશે છે.

(૭) વળી મન કે બુધ્ધિ સાવ ત્રિક્ષણાવસ્થાયી નહીં તો ય ચંચલ તો રહેવાના જ, તેથી જેમ ભજનમાં આસુરાવેશ વ્યવધાન કરી શકે છે તેમ આસુરાવેશમાં ય ભજનાનુરૂપ ક્રિયાદ્વારા વ્યવધાન કરી તેને બને તેટલો જલ્દી નિવૃત્ત કરી શકાય છે. તેથી અહર્નિશ અષ્ટાક્ષરરટણ કરવાનો ઉપદેશ છે, કે કમસે કમ વાણી તો ભગવન્નિષ્ઠ રહે તો ય પાછી ગાડી પાટે ચઢે ભજનની.

(૮) ''સો શ્રીઆચાર્યજીકો યહ નિયમ હતો જો રાત્રિમેં દોય તીન બેર ઉઠિ સગરે સેવકનકોં દેખિ જાય, જો કોઈ સેવક લૌકિક વાર્તા, કાહૂકી નિંદા ન કરન પાવે. સો અર્ધરાત્રિસમય એક દિવસ શ્રીઆચાર્યજી પધારે. સો દૂરતેં દેખે તો કોઈ સેવક કીર્તન ગાવત હૈ, કોઈ સેવક ધોલ ગાવત હૈ, કોઈ સેવક પંચાધ્યાયીકો પાઠ કરત હૈ, કોઈ ભગવદ્વાર્તા કરત હૈ. સો દેખિકેં પ્રસન્ન ભયે, જો કોઈ લૌકિક બાત કાહૂકી નિંદા નાહીં કરત હૈ. પાછેં ગોપાલદાસકોં આય દેખેં તો નીંદકો ઝોકા આયો હૈ પરંતુ પાનનકો પંખા કરત હૈં. તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસકે ઉપર બહોત પ્રસન્ન ભયે, જો યહ સબતેં શ્રેષ્ઠ હૈ જો નીંદ હૂ આવતમેં ભગવદ્સેવા કરત હૈં.'' આ દૃષ્ટાન્તનું વિશ્લેષણ કરીએ તો લક્તિમાર્ગીય સાધનાના શરૂઆતના તબક્કે એવી પુરુષતન્ત્ર પ્રક્રિયા અપેક્ષિત છે જેમાં મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી તેમને ભગવદભિમુખ કરવાના રહે છે. પણ સિધ્ધકક્ષામાં રાગતન્ત્રવશાત્ તેઓ એમની મેળે જ ભગવદભિમુખ થઈ જાય છે. આને શ્રીયમુનાષ્ટકમાં સ્વભાવવિજય કહેવામાં આવેલ છે. મુર અસુર જો આસુરાવેશનું મૂર્તિમાન રૂપ હોય તો મુરારિ પ્રભુ તેને નાથી શકે છે. શ્રીયમુનાષ્ટકમાં નિરૂપ્યું છે તેમ સ્વભાવવિજય થતાં સમસ્તદુરિતક્ષય, મુકુન્દમાં રતિ, સકલસિધ્ધિ અને મુરારિનો સન્તોષ બધું જ સરળતાથી મળી રહે છે.આસુરાવેશ અને ભગવદાવેશમાં અસામ્ય : ભગવદાવેશ કેવળ દેહાદિના સ્વભાવજન્ય ન હોઈને ભગવદ્વરણજન્ય પણ હોય છે. તેથી ભક્તિનો બીજભાવ દૈવીજીવમાં કાયમ રહે છે; ભલે તેને અહર્નિશ આસુરાવેશ પણ કેમ ન થઈ જાય. એક જન્મમાં ભગવદાવેશવૃધ્ધિની પ્રક્રિયા પૂરી ન થાય તો ''ખંડશઃ ક્રિયમાણા ભક્તિઃ ન્તિમજન્મનિ ફલં જનયતિ'' ન્યાયે જન્માન્તરમાં તે પૂર્ણ થાય છે. કોઈપણ સ્થિતિમાં ભક્તિના બીજભાવનો નાશ નથી થતો. ૨૫૨ વૈષ્ણવોમાંના ગુલાબદાસ/ખાનની વાર્તા આનું દૃષ્ટાન્ત છે; કે મ્લેચ્છવત્ દીનચર્યા થઈ ગયેલ હોવા છતાં શ્રીગુસાંઈજીએ મોકલેલ વૈષ્ણવનો ભેટો થતાં જ વિરહાર્તિ જાગી અને પ્રબળ દૈવી આવેશ પુનઃ પ્રકટ્યો. જેમ બીજભાવ નષ્ટ નથી થઈ શકતો તેમ પેદા પણ નથી થઈ શકતો. તે તો જેનામાં હોય તેનામાં હોય. તેથી ખાસ તો ઉપદેશકોએ એ સમજવાનું રહ્યું કે ભગવદાવેશવર્ધનની કોઈ સાર્વજનિક પ્રક્રિયા ન હોઈ શકે.

શિક્ષાપત્રમાં આ બાબતનો ઉપદેશ :

શિક્ષાશ્લોકી અને શિક્ષાપત્ર બન્ને વડીલે સ્વજનોના હિતાર્થ આપેલ સન્દેશ છે. બન્નેમાં 'શિક્ષા'શબ્દનું હોવું કોઈ યોગાનુયોગમાત્ર નથી. એકમાં મૌનવ્રતધારી છતાં ય સ્પષ્ટવક્તા, દેહદેશત્યાગની સ્વામીની આજ્ઞાને અનુસરનારા છતાંય સ્વજનહિતૈષિતાના અત્યાગી સંન્યાસીને છાજે તેવી સન્મુખ ઉપસ્થિત શોકગ્રસ્ત પુત્રાદિને ઉપદેશ આપવાની શૈલી છે. તો બીજામાં જવાબદાર ગૃહસ્થ મોટાભાઈએ દૂર રહીને ય કાન્તાસમ્મિત શૈલીમાં શોકગ્રસ્ત નાનાભાઈને ઉપદેશ આપેલ છે. તેથી સંક્ષેપ-વિસ્તારનો ભેદ રહેવાનો જ. છતાં ય બન્નેનું સ્વારસ્ય ભગવદભિમુખ બની રહેવામાં જ સ્વજનોનું હિત છે તે જણાવવામાં છે. શિક્ષાશ્લોકી સૂત્ર હોય તો શિક્ષાપત્ર તેનું ભાષ્ય છે. વિસ્તારભયે અહીં પંક્તિશઃ ઉલ્લેખો આપતો નથી. દરેક શિક્ષાપત્ર અહીં ટાંકી શકાય તેવા સમૃધ્ધ છે છતાં ય કેટલાકનો જ અહીં ઉલ્લેખ કરીશ.

૨૦મા શિક્ષાપત્રમાં અષ્ટાક્ષર, બ્રહ્મસંબંધદીક્ષા, સેવા, ગુણગાન, આર્તિ, તાપ અને વિરહ ઉત્તરોત્તર દોષસમૂહનાશક બતાવ્યા છે એક પુષ્ટિભક્તિમાર્ગીયના જીવનમાં. પરંતુ અવિશ્વાસ એવો મહાબાધક છે કે તે પેદા થાય તો કોઈ ગતિ નથી. તેથી આજીવન આપાતસુંદર એવા અલ્પજ્ઞના વચનોથી બુધ્ધિ ચલિત ન થાય તે માટે સેવા-સદાચાર-ધર્મમાર્ગસ્થિતિ, અવિરુધ્ધવચન-કૃતિ, આચાર્યચવનૈકનિષ્ઠા, સતત ભાવુકતા, તદીયજનસંસર્ગ અને અન્યસંગવિવર્જનનો ઉપદેશ છે.

૨૨મા શિક્ષાપત્ર અનુસાર હૃદયમાં ભગવદ્ભાવ નિધિરૂપ અને તેથી સર્વથા સંરક્ષ્ય છે. તેનું વિરોધી ત્યાગવું.

૨૭મા શિક્ષાપત્રમાં હરિવિસ્મારક ૪૦ દોષો ગણાવ્યા છે : ધન, ગૃહ, ગૃહાસક્તિ, લોકવેદમાં પ્રતિષ્ઠા, મનની કર્માદિમાં નિષ્ઠા, સ્વર્ગાદિફલાકાંક્ષા, લૌકિકમાં પરમપ્રીતિ, વિરુધ્ધવિષયેષણા, વિષયાસક્તિ, ભોજન, દેહ-કુલ-વિદ્યાભિમાન, દેહપોષણ, અસત્સંગ, કૃષ્ણાનુચ્છિષ્ટભક્ષણ, નિવેદનાનુસંધાનત્યાગ, શરણવિસ્મૃતિ, દેવાન્તરાશ્રય, તેમની પ્રાર્થના, ફલાર્થિતા, ભગવચ્ચિત્તરહિતા લૌકિકી વ્યાવૃત્તિ, ગુરુદ્રોહ, ભગવદીયોથી પોતાને અધિક જાણવા, અત્યન્તદેહસામર્થ્ય, ઇન્દ્રિયોનું પોષણ, ગૃહમાં અભિરતિ, ભાર્યાપુત્રાદિમાં મનોગતિ, કૃષ્ણાનુભાવરહિત દેશમાં સતત સ્થિતિ, લોકમાં લાભથી

હર્ષ અને લોકમાં હાનિથી શોક, સ્વાતંત્ર્યભાવન ( સ્મર્તવ્ય ગીતા ''ઈશ્વરોઽહં અહં ભોગી...), જીવસ્વાભાવિક હઠ, અધિકાર, પાપરતિ, દુષ્ટપક્ષપાત, હૃદયક્રૂરતા, દીનજનોપેક્ષા, અક્ષમા. તેમનાથી બચવા સાવધાન થઈ કૃષ્ણદાસે ભગવન્માર્ગમાત્રસ્થિતિ, તન્માર્ગફલાકાંક્ષા, અન્યત્ર વિરક્તિ, કૃષ્ણગુણાસક્તાન્તરાત્મતા, સ્વાચાર્યશરણ, વિશ્વાસ, અખિલ પરિત્યાગ અને દર્શનોત્સુકતા બનાવી રાખવાનો ઉપદેશ છે.

૨૯મા શિક્ષાપત્રમાં ''બુધ્ધિનાશાત્ પ્રણશ્યતિ'' એ ગીતાવચનને ધ્યાનમાં રાખી બુધ્ધિને રત્નની જેમ જાળવવાનો ઉપદેશ છે. તે માટે સત્સંગ-કૃષ્ણસ્મરણ-શરણાગતિદ્વારા બુધ્ધિને ગોપ્ય રાખવાનું કહેલ છે. તે ઉપરાંત નિત્યસેવાકૃતિ, પ્રસાદભક્ષણ, સત્સંગ અને કૃષ્ણકથાશ્રવણકીર્તન કરવા.

૩૨મા શિક્ષાપત્રમાં કેવા હૃદયમાં ભગવદાવેશ ન થાય તે બતાવેલ છે કામાવિષ્ટ, ક્રોધયુત, સંસારાસક્તિસંયુત, લોભાભિભૂત, સતત ધનાર્જનપરાયણ, દયાવિરહિત, રૂક્ષ, નિત્યસન્તોષવર્જિત, શોકાકુલ, ભયક્રાંત, વિષયધ્યાનતત્પર, અહંકારયુત, ક્રૂર, દુષ્ટપક્ષૈકપોષક, જ્ઞાનમાર્ગસ્થિત, સર્વસામ્યચિન્તનભાવિત, લૌકિકમાં સન્મુખ અને કૃષ્ણજનવિમુખ, કૃષ્ણલીલામાં દોષદષ્ટિયુક્ત, કર્મજડ, આચાર્યવિમુખ, નિત્ય અસદ્વાદવિભૂષિત. વળી કેવા હૃદયમાં ભગવદાવેશ થાય તે ય બતાવેલ છે દીન, શુધ્ધ, નિઃપ્રપંચ, લીલાચિન્તનતત્પર, સ્વાચાર્યશરણ, નિત્ય સર્વકામવિવર્જિત, વ્રજસ્ત્રીચરણરેણુપ્રાપ્ત્યભિલાષી, ગુણગાનપરાયણ, કૃષ્ણનામાર્થપરિભાવુક, અનન્ય, અનન્યસેવૈકનિષ્ઠાતત્પર, ભગવદ્ધર્મનિરત, વિરક્ત, ગુણસંગી, કૃષ્ણાર્તિભાવસંયુક્ત, સરસ, અન્યરસાતીત, અચંચલ, કૃષ્ણલીલાચંચલ, દર્શનાકુલ, મનોરથશતાક્રાંત, સર્વોદાસીન્યસંયુત.

૩૪મા શિક્ષાપત્રમાં કહેલ છે કે કામથી ઇન્દ્રિયવૈમુખ્ય થાય છે તેથી તેને વશમાં રાખવા વૈરાગ્ય કેળવવો. લોભથી પાખંડ વધે છે તેથી પરિતોષ કેળવવો. અને ક્રોધ દૈન્યભાવવિનાશક હોવાથી ક્રોધ ન કરતાં દૈન્ય કેળવવું.

૩૫મા શિક્ષાપત્રમાં ઉપદેશક માટે માર્ગદર્શન છે. આધિભૌતિક દુષ્ટ જીવ દુષ્કર્મા હોય તેને સત્ક્રિયાનો ઉપદેશ કરતાં તેને કર્તવ્યબોધ થતાં તે સુધરી જાય છે. આધ્યાત્મિક દુષ્ટ જીવ જ્ઞાનશૂન્ય કે અન્યથાજ્ઞાનવાન હોઈ તત્ત્વબોધથી તેને શુધ્ધ કરી શકાય. પણ પ્રીતિશૂન્ય નીરસ આધિદૈવિક દુષ્ટ જીવ શ્રવણાદિથી પણ ન સુધરે. તેમને આસુરી જીવ જાણી છોડી દેવા.

સંક્ષેપમાં ભગવદ્ભાવ અને બુધ્ધિને કેળવવાનો, પોષવાનો, ગુપ્ત રાખવાનો અને બાધકોથી બચાવવાનો ઉપદેશ અહીં ઉપલબ્ધ થાય છે.

ઉપસંહાર :

ભગવદ્ગીતાદિમાં પણ દૈવી અને આસુરી ભાવ-ક્રિયાદિનું વિસ્તારથી નિરૂપણ છે. વિસ્તારભયે અહીં ત્યાંના વચનો ઉધ્ધૃત નથી કર્યા. એકંદરે જોતાં એવું લાગે છે કે આસુરાવેશનિવૃત્તિ માટે પ્રાથમિકોપદેશમાં ભાર સતત સાવધાન રહી ભાવ અને બુધ્ધિને સ્વમાર્ગીયસાધનાપરાયણ રાખવાના જીવપ્રયત્ન પર છે. તેવા પ્રયત્નોથી ન નાથી શકાય તો જ આસુરાવેશનિવૃત્તિની ચિંતા ભગવાન પર છોડવાનું કહેલ છે. આ ગડમથલ પરંતુ સાધનકક્ષામાં જ છે; સિધ્ધકક્ષામાં નિયમરૂપે આસુરાવેશ બાધા નથી કરતો. અપવાદરૂપે કૃષ્ણદાસ અધિકારીને થયું તેમ ( ''સુરતેં અસુર ભયે અસુરતેં સુર ભયે ચરનન છોય'' ) સિધ્ધકક્ષામાં આસુરાવેશ થાય તો તેને ભગવત્કૃતિ જાણવી.

આધુનિક સાંપ્રદાયિક પરિસ્થિતિ :

આને વર્ણવવા તો રેડીમેડ ફાસ્ટફૂડ કલ્ચર કે પ્રદૂષિત નદીઓનું દષ્ટાન્ત જ કામ લાગે. જેટલા કહેવાતા સાંપ્રદાયિક આયોજનોમાં સમ્મિલિત થાઓ તેટલું ભક્તિમાર્ગીય સ્વાસ્થ્ય કથળે ને આસુરાવેશ વધે તેવી હાલત છે. આહારની જાણે કે રોજિંદી ઘટમાળભર્યા નીરસ ફાસ્ટ જીવનમાં ઉત્તેજક, વિસ્મારક અથવા રેચક ( થ્રીલ કે ચીલ આઉટ ) તરીકેની જ ભૂમિકા હોય તેવું ઠસાવવાનો સભાન પ્રયત્ન જેમ ફાસ્ટફૂડ કલ્ચર વિકસાવનારા કરે છે તેમ ભક્તિ પણ વીક એન્ડમાં પિકનિક કે મેળાવડારૂપે કરવાનો ચસકો લગાડવાના પ્રયાસ થાય છે. આમાં ભગવદાવેશ તો નજરઅંદાજ થતાં થાય પરંતુ આસુરાવેશનું ય અવમૂલ્યન થતું જણાય છે. આસુરાવેશ કાંઈ આવી કાચીપોચી માયા નથી; જડભરત જેવા તેના હિટલિસ્ટમાં સામેલ છે. આથી ગાફેલ રહેવું સર્વથા ન પોષાય. ''બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !''